### રાત્રિના અંધારામાં કેમિકલ યુનિટોમાંથી ઝેરી ગેસ છોડાતો હોવાના આક્ષેપ

# ટુંડાવ સહિતનાં ગામોમાં 'ઝેરી ગેસ'નો આતંક!

## સાવલી તાલુકાની પ્રજામાં ભારે રોષ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી સામે પણ સવાલો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
સાવલી તાલુકાના લામડાપુરા, ટુંડાવ, રાણીયા સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલી કેટલીક કેમિકલ કંપનીઓ દ્વારા રાત્રિના સમયે ઝેરી ગેસ છોડવામાં આવતો હોવાના આક્ષેપો સાથે તાલુકાજનોમાં ભારે રોષ ફેલાયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગેસના કારણે શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા, ગળામાં ચચરાટ, એલર્જી, ખંજવાળ અને અન્ય આરોગ્ય સંબંધિત સમસ્યાઓ વધી રહી છે. વૃદ્ધો, બાળકો અને શ્વાસના દર્દીઓ પર તેની સૌથી વધુ અસર જોવા મળી રહી હોવાનું સ્થાનિકોનું કહેવું છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ કેમિકલ ઉત્પાદન દરમિયાન નીકળતા વેસ્ટ ગેસના નિયંત્રણ માટે જરૂરી પ્રદૂષણ નિયંત્રણ ઉપકરણોનો પૂરતો ઉપયોગ કરવામાં આવતો નથી.

ખર્ચ બચાવવા માટે કેટલાક ઉદ્યોગો રાત્રિના અંધકારનો લાભ લઈને ગેસ છોડતા હોવાની ફરિયાદ છે. આ ઉપરાંત ઝેરી ગેસના કારણે ખેડૂતોના ઉભા પાકને પણ નુકસાન થતું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. જોકે, તપાસના નામે માત્ર ઔપચારિક કાર્યવાહી થતી હોવાના અને જવાબદાર ઉદ્યોગો સામે અસરકારક પગલાં લેવામાં આવતા ન હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. આ સ્થિતિ યથાવત રહેશે તો આગામી સમયમાં તાલુકાજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોએ સંબંધિત વિભાગને તાત્કાલિક તપાસ કરી જવાબદાર ઉદ્યોગો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### સ્માર્ટ સફાઈના નામે જનતા હેરાન-પરેશાન બની

# ભાયલીના મુખ્ય માર્ગો ધૂળથી ઢંકાયા, કોર્પોરેશનની કામગીરી સામે સવાલો

**ધૂળના રજકણોથી** સ્થાનિકોના સ્વાસ્થ્ય સામે જોખમ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી અંતર્ગત શહેરમાં આધુનિક મશીનરીથી રોડ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ કેટલીકવાર વહીવટી તંત્રની બેદરકારીના કારણે આ સુવિધા જ નાગરિકો માટે આફત બની જતી હોય છે. આવો જ એક કિસ્સો વડોદરાના ભાયલી વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં રોડ સફાઈ માટે ઉપયોગમાં લેવાતા વેક્યુમ સ્વીપર મશીનના કારણે રસ્તા પર ધૂળનું ભારે પ્રદૂષણ ફેલાયું છે. ભાયલી વિસ્તારમાં આવેલી જાણીતી બ્રાઈટ ડે સ્કૂલ પાસેના મુખ્ય માર્ગ પર જ્યારે આ મશીન દ્વારા સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી, ત્યારે કચરો અને ધૂળ સમેટવાને બદલે



હવામાં ધૂળના વિશાળ ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. મશીનની ખામી અથવા તો યોગ્ય સંચાલનના અભાવે આખોય વિસ્તાર ધૂંધળો બની ગયો હતો, જેના કારણે ત્યાંથી પસાર થતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો અને રાહદારીઓ માટે આ સ્થિતિ અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. હવામાં ઉડેલી અતિશય ધૂળના કારણે રોડ પર વિઝિબિલિટી એટલે કે દ્રશ્યતા ખૂબ જ ઘટી ગઈ હતી. વાહનચાલકોને સામેથી આવતા અન્ય વાહનો જોવામાં તકલીફ પડતી હતી, જેના કારણે આ વ્યસ્ત માર્ગ પર અકસ્માત થવાનો ભય સતત તોળાતો રહ્યો હતો. આ ગંભીર પરિસ્થિતિને લીધે સ્થાનિક વાહન વ્યવહાર અને ટ્રાફિકની ગતિ પર પણ માઠી અસર જોવા મળી હતી. આ ઉપરાંત, સ્કૂલની આસપાસનો વિસ્તાર હોવાથી બાળકોના સ્વાસ્થ્ય સામે પણ જોખમ ઊભું થયું છે. શ્વાસમાં ધૂળના રજકણો જવાથી લોકોને ખાંસી અને આંખોમાં બળતરા જેવી તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક રહીશો અને વેપારીઓમાં આ પ્રકારની કામગીરીને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજાના ટેક્સના પૈસે ચાલતી આ સફાઈ ઝુંબેશ જો પ્રદૂષણ ફેલાવતી હોય, તો તેનો કોઈ અર્થ સરતો નથી.

### મુસાફરોનો આબાદ બચાવ

# સયાજીગંજમાં રીક્ષા-એક્ટિવા વચ્ચે અકસ્માતમાં રિક્ષા પલટી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં અકસ્માતની ઘટના બની હતી. કાલાઘોડાથી સ્ટેશન તરફ જઈ રહેલી પેસેન્જર ભરેલી રીક્ષા અને એક્ટિવા વચ્ચે બીઓબી બેંક પાસે ટક્કર થતાં રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતના પગલે રીક્ષામાં સવાર બેથી વધુ મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. જોકે સ્થાનિક રહીશોએ તાત્કાલિક દોડી આવીને સમયસૂચકતા વાપરી રીક્ષાને સીધી કરી હતી અને તમામ પેસેન્જરને સહીસલામત બહાર કાઢ્યા હતા. સદનસીબે મુસાફરોને કોઈ ગંભીર ઈજા થઈ નથી. આ અકસ્માતમાં એક્ટિવા ચાલકને ખભાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત ચાલકે ઘટનાસ્થળે જ રિક્ષા ચાલક પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે શહેરમાં રિક્ષા ચાલકો બેફામ રીતે વાહન ચલાવે છે, જેના કારણે અવારનવાર અકસ્માત સર્જાય છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથધરી હતી.

# સુભાનપુરામાં અર્ધબેભાન હાલતમાં મળેલા પ્રૌઢે દમ તોડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૯
શહેરના સુભાનપુરા વિસ્તારમાંથી ગત ૨૬મી તારીખની રાત્રે બીમાર હાલતમાં મળી આવેલા એક આશરે ૫૦ વર્ષીય અજાણ્યા પ્રૌઢનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે સ્થાનિક પોલીસ દ્વારા મૃતકની ઓળખ મેળવવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત તારીખ ૨૬મી જૂનની રાત્રે આશરે ૮:૦૦ વાગ્યાના સુમારે સુભાનપુરા વિસ્તારમાં આવેલી ભરૂચા હોસ્પિટલની પાછળ ફૂટપાથ પર એક આશરે ૫૦ વર્ષનો અજાણ્યા પ્રૌઢ અર્ધબેભાન અને ગંભીર બીમાર હાલતમાં પડ્યો હોવાની માહિતી સ્થાનિકોને મળી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં, સારવાર અર્થે તેમને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના બિછાને સારવાર હેઠળ રખાયેલા આ અજાણ્યા પ્રૌઢએ દમ તોડી દીધો હતો.

### મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડની 118 મી જન્મજયંતિ નિમિત્તે અનાવરણ

# MSUમાં રાજમાતા શુભાંગીનીદેવીના હસ્તે પિત્તળની કમળ પ્રતિમાનું અનાવરણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડની 118 મી જન્મજયંતિ નિમિત્તે ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા દ્વારા ફેકલ્ટી ઓફ સાયન્સ ખાતે મહારાજા સયાજીરાવ ગાયકવાડની પ્રતિમા સામે આવેલા લોટસ ગાર્ડનમાં સ્થાપિત પિત્તળની કમળ પ્રતિમાનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમાનું અનાવરણ યુનિવર્સિટીના કુલાધિપતિ રાજમાતા શુભાંગિનીરાજે ગાયકવાડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ પ્રસંગે મહારાજા સમરજીતસિંહ ગાયકવાડ, મહારાણી રાધિકારાજે સમરજીતસિંહ ગાયકવાડ, મહારાણી અલૌકિકારાજે સત્યજીતકુમાર ખાચર, પ્રિન્સેસ રાજકુમારી અંજનારાજે ગાયકવાડ તથા પ્રિન્સેસ રાજકુમારી પદ્માજરાજે સમરજીતસિંહ ગાયકવાડની ઉપસ્થિતિએ સમારોહને વિશેષ ગૌરવ



અને શોભા અર્પી હતી. સમારોહમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભણગે, કુલસચિવ પ્રો. કે. એમ. ચુડાસમા, વિવિધ ફેકલ્ટીના ડીન, વિભાગાધ્યક્ષો, પ્રાધ્યાપકો, અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીનું પુષ્પચિહ્ન ગણાતું કમળ જ્ઞાન, પવિત્રતા, સૌંદર્ય, પ્રબોધ, સ્થિતપ્રજ્ઞતા અને સતત વિકાસનું પ્રતિક છે. લોટસ ગાર્ડનમાં સ્થાપિત આ ભવ્ય પિત્તળની કમળ પ્રતિમા મહારાજા સયાજીરાવ ગાયકવાડ તૃતીય અને મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડની શિક્ષણપ્રેમી દુરંદેશી દ્રષ્ટિ, જ્ઞાનપ્રેમ અને સમાજસેવાના આદર્શોને સન્માનપૂર્વક અભિવ્યક્ત કરે છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ પ્રતિમા માત્ર એક કલાત્મક સ્થાપત્ય નથી, પરંતુ યુનિવર્સિટીના શૈક્ષણિક વારસા, સંસ્કૃતિ અને મૂલ્યોનું જીવંત પ્રતિક છે.

### અટલાદરા સ્વામિનારાયણ મંદિરના કેમેરામાં બંને કેદ થઈ

# ભગવાનના દર્શન વચ્ચે મંગળસૂત્ર તફડાવનાર બે મહિલા ઝડપાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરાના અટલાદરા સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનના દર્શન કરવા મહિલાના ગળામાંથી ભીડનો લાભ લઈને રૂ.60 હજાર કિંમતનું સોનાનું મંગળસૂત્ર તફડાવી શાતિર મહિલા ચોરો ફરાર થઈ હતી. જોકે અટલાદરા પોલીસે મંદિરના CCTV ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં બે મહિલા આરોપીઓને ઝડપી પાડી મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદ થી મહિલાઓ ચોરી કરવા માટે આવી હતી. વડોદરા શહેરના દંતેશ્વર-તરસાલી રિંગ રોડ પર આવેલી દર્શનમ એન્ટીકા સોસાયટીમાં રહેતા અને દરજીપુરા એરફોર્સ ખાતે જુનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવતા સંતોષકુમાર ગંગારામ લુસ્ટેએ અટલાદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેઓ પરિવારજનો તથા સુરતથી આવેલા સગાઓ સાથે અટલાદરા સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા ગયા હતા.



પરિવાર સવારે આશરે 11 વાગ્યે મંદિર પરિસરમાં પહોંચ્યો હતો. બપોરે અંદાજે 12:30 વાગ્યે દર્શન પૂર્ણ કર્યા બાદ પરિવાર બહાર નીકળ્યો ત્યારે ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા શખ્સે મહિલાના ગળામાંથી આશરે 6 ગ્રામ વજનનું, 48 સોનાની નાની મણીઓ અને એક સોનાની વાડકી ધરાવતું રૂ.60 હજાર કિંમતનું મંગળસૂત્ર તફડાવી લીધું હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે ફરિયાદ નોંધાતા અટલાદરા પોલીસ મથકના પીઆઈ પી. યુ. પસ્તાગિયાની ટીમે મંદિર પરિસરના CCTV ફૂટેજની તપાસ હાથ ધરી હતી.

### કાર્યશાળામાં જિલ્લા મંત્રી, કોષાધ્યક્ષ અને આંતરિક ઓડિટરો સહભાગી થયાં

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા નાણાકીય શિસ્ત-પારદર્શિતા પર મંથન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત પ્રાંત દ્વારા કોષાધ્યક્ષ કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ સત્રોમાં આયોજિત આ સંગઠનાત્મક કાર્યશાળામાં પ્રાંતના મહામંત્રી, કોષાધ્યક્ષ, આંતરિક લેખા પરીક્ષક તેમજ વિવિધ જિલ્લાના જિલ્લા મંત્રી, કોષાધ્યક્ષ અને આંતરિક લેખા પરીક્ષક ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યશાળાનું સંચાલન પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં પ્રદેશ અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટે પ્રેરણાદાયી અને વિસ્તૃત સંગઠનાત્મક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સંગઠનની આર્થિક પારદર્શિતા અને નાણાકીય શુચિતાના મહત્વ પર વિસ્તારથી પ્રકાશ પાડ્યો હતો. મંત્રી, કોષાધ્યક્ષ અને આંતરિક લેખા પરીક્ષકના સમન્વયિત પ્રયાસોથી




સંગઠનમાં નાણાકીય અનુશાસન અને પારદર્શિતા પ્રભાવી રીતે સ્થાપિત કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યશાળાના બીજા અને ત્રીજા સત્રમાં નાણાકીય લેવડ-દેવડમાં પારદર્શિતા, શુદ્ધતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ સત્રોમાં પ્રદેશ કોષાધ્યક્ષ ચિરાગભાઈ પટેલ તથા આંતરિક લેખા પરીક્ષક રણછોડજી જાડેજા દ્વારા અત્યંત સૂક્ષ્મ અને ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લેખા-જોખાની શુદ્ધતા તથા સંગઠનની આર્થિક વ્યવસ્થાને સુદૃઢ અને અનુશાસિત બનાવવા માટે આ સત્ર અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધ થયા હતા. કાર્યક્રમના અંતિમ ચરણમાં તમામ જિલ્લા મંત્રીઓ માટે એક વિશેષ સત્ર આયોજિત કરાયું હતું.આ કાર્યશાળામાં પ્રદેશ અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટ, મહામંત્રી પરેશભાઈ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યાં હતાં.

### એલસીબી ઝોન-૩ એ ઈન્દૌરથી ઝડપી પાડ્યો

# રૂ.૧.૦૩ કરોડની છેતરપિંડીનો આરોપી છ વર્ષ બાદ ઝડપાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા શહેરમાં વર્ષ 2020માં નોંધાયેલા રૂ.1.03 કરોડથી વધુની છેતરપિંડીના ચર્ચાસ્પદ કેસમાં છેલ્લા છ વર્ષથી ફરાર આરોપી આખરે પોલીસના હાથે ચડી ગયો છે. એલસીબી ઝોન-3ના નાસતા ફરતા સ્ક્વોડે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે મધ્યપ્રદેશના ઈન્દોરથી આરોપીને ઝડપી પાડી પાણીગેટ પોલીસને સોંપ્યો છે. વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશનમાં વર્ષ 2020માં નોંધાયેલા રૂ.1.03 કરોડથી વધુની છેતરપિંડીના ગુનામાં છેલ્લા છ વર્ષથી ફરાર આરોપી અનીલ રાજદયાલ રાયને એલસીડી ઝોન-3ના નાસતા ફરતા સ્ક્વોડે ઈન્દોર (મધ્યપ્રદેશ) ખાતેથી ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે પાણીગેટ પોલીસને સોંપ્યો છે. એલસીબી ઝોન-3ના નાસતા ફરતા સ્ક્વોડે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપી ઈન્દોરમાં



હોવાની ચોક્કસ માહિતી મેળવી હતી. જેના આધારે પોલીસ ટીમ સિક્રેટ મિશન પર ઈન્દોર પહોંચી હતી અને આરોપીને ઝડપી પાડયો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીએ જુદી જુદી તારીખોએ ઓર્ડરના બહાને રૂ.1.24 કરોડનો માલ મંગાવ્યો હતો.

શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે રૂ.21 લાખની ચૂકવણી ચેક મારફતે કરી હતી, પરંતુ બાદમાં બાકીના રૂ.1.03 કરોડ ચૂકવ્યા વગર છેતરપિંડી આચરી હતી.પકડાયેલા આરોપી અનીલ રાજદયાલ રાય મૂળ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના વલુજ એમ.આઈ.ડી.સી. વિસ્તારમાં રહે છે.

### વડોદરાના આકાશમાં મનમોહક નજારો ,મેઘરાજાના આગમનના એંધાણ



■ વડોદરાવાસીઓ મેઘરાજાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારે વહેલી સવારે આકાશમાં અદ્ભુત અને આહલાદક દ્રશ્ય સર્જાયું હતું. ઘેરાયેલા વાદળોની વચ્ચે સૂર્યનારાયણ દેવ સંતાકૂકડી રમતા હોય તેમ વાદળની ચાદરમાં લપાયેલા જોવા મળ્યા હતા. ઘેરા અને હળવા વાદળોમાંથી ડોકિયું કરતા સૂરજના કિરણોએ સમગ્ર વાતાવરણને મનમોહક બનાવી દીધું હતું. વાદળોની આ લૂકાછુપી અને શીતળ પવનની લહેરખીઓએ વડોદરાવાસીઓને વરસાદના આગમનના એંધાણ આપી દીધા છે.

### ૯ જુગારીઓની ધરપકડ કરવામાં આવી

# ડભોઈ રિંગ રોડના મકાનમાં ધમધમતુ જુગારધામ ઝડપાયુ




( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા શહેરમાં કાયદાના ડર વિના રહેણાંક વિસ્તારમાં ચાલતા એક હાઈટેક જુગારધામનો કપુરાઈ પોલીસે પર્દાફાશ કર્યો છે. વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ પર આવેલા યોગી રેસિડન્સીના એક મકાનમાં બહારથી લોકોને બોલાવી જુગાર રમાડવામાં આવતો હતો. મકાન માલિકે જુગારને વ્યવસાયનું સ્વરૂપ આપી ખેલાડીઓ પાસેથી રોકડ રકમ લઈ તેના બદલામાં પ્લાસ્ટિકના કોઈન આપવાની વ્યવસ્થા ઉભી કરી હતી. દરેક બાજીમાંથી રૂ. 50 કમિશન વસૂલીને જુગારધામ ચલાવાતું હોવાની વિગતો પોલીસ તપાસમાં સામે આવી છે. પોલીસની ટીમે દરોડો પાડતા અંદર જુગારની મહેફિલ જામેલી મળી આવી હતી. પોલીસે મકાન માલિક સહિત કુલ 9 આરોપીને ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન રોકડ રૂપિયા, 8 મોબાઈલ ફોન, બે વાહનો, પ્લાસ્ટિકના કોઈન સહિત રૂ. 2.52 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આ જુગારધામમાં બહારથી લોકોને બોલાવી નિયમિત રીતે જુગાર રમાડવામાં આવતો અને સંચાલક દરેક બાજીમાંથી કમિશન મેળવી નફો કમાતો હતો.

# પશ્ચિમ રેલવેએ ૪ સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવ્યા

વડોદરાઃ મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જનવ્યવ મુજબ, આ તમામ ટ્રેનો જુલાઈ મહિનાના અંત સુધી દોડાવવામાં આવશે. વિગત મુજબ, ટ્રેન નંબર 09708 બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પેશિયલને 09 જુલાઈ, 2026 સુધી અને ટ્રેન નંબર 09707 જયપુર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલને 08 જુલાઈ, 2026 સુધી લંબાવાઈ છે. તેવી જ રીતે, ટ્રેન નંબર 04828 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલ 26 જુલાઈ સુધી અને ટ્રેન નંબર 04827 ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ 25 જુલાઈ, 2026 સુધી દોડશે. ગુજરાતના મુસાફરો માટે મહત્વની ટ્રેન નંબર 04728 વલસાડ-હિસાર સ્પેશિયલને 30 જુલાઈ સુધી અને ટ્રેન નંબર 04727 હિસાર-વલસાડ સ્પેશિયલને 29 જુલાઈ, 2026 સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત ટ્રેન નંબર 04736 લક્ષ્મી બાઈ નગર-શ્રીગંગાનગર સ્પેશિયલ 31 જુલાઈ અને ટ્રેન નંબર 04735 શ્રીગંગાનગર-લક્ષ્મી બાઈ નગર સ્પેશિયલ 30 જુલાઈ, 2026 સુધી દોડાવાશે.

### પરિચિત મહિલા પર વિશ્વાસ કરવો વૃદ્ધાને ભારે પડ્યો

# વૃદ્ધાને ચામાં નશીલો પદાર્થ પીવડાવી સોનાની કડીઓ ચોરી મહિલા ફરાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા 70 વર્ષીય જશોદાબેન સાધવાણી મળવા ઓળખીતી મહિલા મહિલા તેમના ઘરે આવી હતી. ચામાં નશાયુક્ત પદાર્થ નાખીને બનાવી પીવડાવ્યા બાદ જશોદાબેનને અસામાન્ય રીતે ઊંઘ આવી ગઈ હતી. જાગ્યા બાદ તેમના કાનમાં પહેરેલી આશરે બે તોલા વજનની રૂ. 60 હજારની સોનાની કડીઓ ગાયબ હોવાનું જણાયું હતું.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી સુરેશપાર્ક સોસાયટીમાં રહેતા જશોદાબેન તારાચંદ સાધવાણીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ તેમના પતિ તારાચંદ સાધવાણી સાથે નિવૃત જીવન જીવે છે. 3 જાન્યુઆરીના રોજ સવારે આશરે 10:30 વાગ્યે તેમની ઓળખીતી ચંદ્રાબેન બુલબુલ ગુપ્તા તબિયત પૂછવા તેમના ઘરે આવી હતી. અગાઉ પડોશમાં રહેતી ચંદ્રાબેન હાલ ભગવતી ટેનામેન્ટમાં રહે છે અને વચ્ચે-વચ્ચે મુલાકાતે આવતી હોવાથી તેમના પર વિશ્વાસ હતો. જશોદાબેને ચા પીવાનો આગ્રહ કરતાં ચંદ્રાબેને જાતે જ રસોડામાં જઈ ચા બનાવી હતી. ત્યારબાદ બંનેએ ચા પીધી હતી અને ચંદ્રાબેને ઘરના કામમાં પણ મદદ કરી હતી. બપોરના સમયે જશોદાબેનને માથું ભારે લાગતાં તેઓ હોલમાં સુઈ ગયા હતા. ચંદ્રાબેને તેમને આરામ કરવા કહી પોતે ત્રણ વાગ્યા સુધી ઘરે જવાની વાત કરી હતી. સાંજે આશરે પાંચ વાગ્યે જાગ્યા બાદ જશોદાબેને જોયું તો બંને કાનમાં પહેરેલી સોનાની કડીઓ ગાયબ હતી. પૂછપરછ કરતાં તેમના પતિએ જણાવ્યું હતું કે બપોરે આશરે સાડા ત્રણ વાગ્યે ચંદ્રાબેન તેમને જાણ કરીને ઘરે જતી રહી હતી.વધુમાં જણાવાયું છે કે મોટા પુત્ર દિલીપભાઈએ ચંદ્રાબેનનો સંપર્ક કરી કડીઓ પરત આપવા જણાવ્યું હતું, પરંતુ આજદિન સુધી તેમણે કડીઓ પરત આપી નથી કે ઘરે પણ આવ્યા નથી. જેથી જશોદાબેને ચંદ્રાબેન બુલબુલ ગુપ્તાએ બપોરે 12:30થી 3:30 દરમિયાન પોતાની જાણ બહાર આશરે બે તોલા વજનની રૂ. 60 હજાર કિંમતની સોનાની કડીઓ કાઢી લીધી હોવાનો આક્ષેપ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. જશોદાબેને પોલીસને જણાવ્યું છે કે કડીઓ તેમના પતિએ વર્ષ 1984માં ખરીદી આપી હતી અને તેનું બિલ હાલ ઉપલબ્ધ નથી. જોકે તેઓ પાસે કડીઓ પહેરેલા ફોટોગ્રાફ ઉપલબ્ધ છે, જે તપાસમાં પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### GEBએ વીજ પુરવઠો કાપી સમારકામ હાથ ધર્યું

# વાસણા-ભાયલી રોડ પર ટ્રાન્સફોર્મર પાસે વાયરોમાં શોર્ટ સર્કિટથી આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા શહેરમાં દિન-પ્રતિદિન ગરમીનો પારો ઊંચો જઈ રહ્યો છે અને અસહ્ય અકળામણ વધી રહી છે. ત્યારે વાસણા-ભાયલી રોડ પર આગ લાગવાની એક ઘટના સામે આવી છે. આ માર્ગ પર આવેલી જાણીતી અર્થ આલ્ફા બિલ્ડિંગ પાસે આવેલા વીજ ટ્રાન્સફોર્મર પાસે વાયરોમાં અચાનક આગ ફાટી નીકળતાં આસપાસના લોકોમાં અને રાહદારીઓમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, આ આગ શોર્ટ સર્કિટ થવાના કારણે લાગી હોવાનું બહાર આવ્યું છે. ગરમીના કારણે વીજ લોડ વધતાં શોર્ટ સર્કિટ થયું હતું અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સ્થાનિક જાગૃત નાગરિકોએ સમયસૂચકતા વાપરીને આ અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. મેસેજ મળતાની સાથે જ વાસણા ફાયર સ્ટેશનની ટીમ ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. લાશ્કરોએ



તાત્કાલિક પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી અને તેના પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ પણ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે સાવચેતીના ભાગરૂપે વિસ્તારનો વીજ પુરવઠો ક્ષણિક કાપી નાખ્યો હતો અને લાઈનનું સમારકામ હાથ ધર્યું હતું. ફાયર બ્રિગેડ અને વીજ કંપનીની ત્વરિત કામગીરીને કારણે દુર્ઘટના ટળી હતી અને કોઈ જાનહાનિ નોંધાઈ નથી.